Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# પ્રાચીન ગ્રંથોના આધારે શ્રી કૃષ્ણના રાજકીય વિચારો

ડૉ. દિવ્યા એ. પટેલ, અધ્યાપક સહાયક, ડિફેન્સ સ્ટડિઝ (ઇતિહાસ)
આર્ટ્સ કૉલેજ, વડાલી. જિ- સાબરકાંઠા

**સાર :**

મહાભારત એ મુનિ વેદવ્યાસે લખેલું મહાકાવ્ય છે, જેની ગણના સ્મૃતિ ગ્રંથોમાં કરવામાં આવે છે. મહાભારત ભારતીય સંસ્કૃતિની સૌથી પ્રસિદ્ધ કથા છે. હિંદુ ધર્મના બે મહાન ગ્રંથોમાં રામાયણ અને મહાભારતનો સમાવેશ થાય છે. આ કથાના કેન્દ્રમાં કુરુવંશના બે ભાઈઓના પુત્રો - પાંચ પાંડવો અને સો કૌરવો- વચ્ચેની શત્રુતાની વાત છે. જે આગળ જતાં એક અત્યંત મોટા યુદ્ધમાં પરિણમે છે. યુદ્ધમાં વિષ્ણુનો આઠમો અવતાર કૃષ્ણ, પાંડવોના પક્ષમાં અર્જુનના સારથી બને છે, જે દરમ્યાન તે અર્જુનને ઉપદેશ આપે છે. આ ઉપદેશ મહાભારતના એક ખંડમાં રહેલો છે, જેને ભગવદ્ ગીતા (ભગવાને ગાયેલું ગીત) કહે છે.[૧]

ભગવાન શ્રી કૃષ્ણનો જન્મ શ્રાવણ કૃષ્ણ પક્ષ આઠમ તિથિનો થયો હતો, જે દિવસ જન્માષ્ટમી તરીકે ઉજવાય છે. આમ તો ભગવાન વિષ્ણુના અવતારોની અંદર તેમનો મહત્વનો અવતાર શ્રીકૃષ્ણનો છે. આ અવતાર તેમણે શ્રીકૃષ્ણના રૂપે દેવકીના ગર્ભમાં મથુરાની જેલમાં લીધો હતો. શ્રીકૃષ્ણ હિંદુ સંસ્કૃતિનાં મોટા ભાગનાં ધર્મો અને સંપ્રદાયોમાં ભગવાન તરીકે પુજાય છે. વળી શ્રીકૃષ્ણ ને જગદગુરુ કહેવામા આવે છે.

કૃષ્ણ અને તેમની સાથે સંકળાયેલી કથાઓ વિવિધ હિંદુ સંપ્રદાયો અને સમુદાયોમાં બહોળા પ્રમાણમાં સાંભળવા મળે છે. ભલે આ વાતોમાં વર્ણવેલી અમુક હકિકતો જુદા જુદા સંપ્રદાયોમાં જુદી જુદી હોય, પરંતુ તેનું હાર્દ તો હંમેશ એક સરખુંજ હોય છે. અહીં કૃષ્ણના રાજનીતિજ્ઞ તરીકેના વિચારોનો સમાવેશ છે.

## શ્રી કૃષ્ણનો રાજનીતિજ્ઞ તરીકેનો પરિચય :

આજ થી પાંચ હજાર વર્ષ પહેલાં આ પૃથ્વી પર એક અતિ અલૌકિક અને અદભૂત બનાવ બન્યો. ધર્મ, ન્યાય અને નીતિ માટે જીવનભર ઝઘડનારી એક અલૌકિક અને ઉત્કૃષ્ઠ પ્રતાપી વ્યક્તિ ભારતમાં જન્મી. તે વ્યક્તિ એટલે સર્વજન સ્વજન શ્રી કૃષ્ણ.[૧]

કાળ પ્રત્યેક વસ્તુમાંથી રસ ખેચી લે છે.

"**कालः पिबति तद्संम्**" આજના યાદગાર બનાવને આવતી કાલે કોઈ યાદ કરતું નથી, છતાં આ એક એવી અલૌકિક વ્યક્તિનું મહાચરિત્ર છે કે તેને પાંચ પાંચ હજાર વર્ષો વીતી ગયાં છતા કાળે તેને નીરસ બનાવી નથી. કાળ જેમાંથી રસ પી શક્યો નહીં, તેવું મહાન, ઉત્કૃષ્ઠ

અને ઉદાત જીવન શ્રી કૃષ્ણનું છે.

શ્રી કૃષ્ણનું ચરિત્ર કોઈ પણ દ્રષ્ટિથી જુઓ, તે કલ્યાણપ્રદ છે. જીવનના બધા જ ઓરડાઓમાં તેમણે પોતાના જીવન ચરિત્ર દ્વારા પ્રકાશ પાડ્યો છે. આમ તો તેમણે પોતે જ પોતાના પૃથ્વી પરના આગમનનો હેતુ જાહેર કરી દીધો હતો :

**परित्राणाय साधूनाम विनाशाय च् दुष्कृत्तांम् ।**
**धर्म संस्थापनार्थाय संभवामि युगे युगे ॥**[3]

રણભૂમિ કુરુક્ષેત્રમાં રાજકીય મહાયુધ્ધના માહોલમાં કહેવાયેલી શ્રીમદ્ ભગવદ્ ગીતા એ માનવજીવન માટે જીવનભૂમિમાં ભોમીયા જેવી છે. ઉપરોક્ત શ્લોકમાં રાજાના કર્તવ્ય શું હોય તે કહેવાયેલાં છે :-

૧) સાત્વિક પ્રજાનું રક્ષણ

૨) દુષ્ટ લોકોને દંડ આપવો અને

૩) ધર્મમય કલ્યાણ રાજ્યની સંસ્થાપના કરવી.

પાછળથી દ્વારિકાના રાજા બનેલ રણછોડરાય શ્રીકૃષ્ણ શરૂમાં ભલે રાજા ન હતા, પરંતુ કીંગ મેકર કહી શકાય તેવી તેમની સૂઝ અને શક્તિ હતી. તેથી જે તે વખતની પરિસ્થિતિનો અભ્યાસ કરીને તેમણે નિર્ણય કર્યો હતો કે બગડેલા કાળ માટે રાજા જ જવાબદાર હોય શકે તેથી રાજા બદલાવીને પ્રજાનું કલ્યાણ કરી શકાય.

મહાભારતનાં શાંતિપર્વમાં કહેલાં રાજા અને રાજ્યના વિચારો શ્રી કૃષ્ણના જીવનમાં દેખાય છે.

**एवं विप्रोध्नधियानो राजा पश्च न रक्षिता ।**
**मेघा न वर्षते यश्व सर्वथा ते निरर्थका ।।**

ન ભણવાવાળો બ્રાહ્મણ, રક્ષણ ન કરનાર રાજા, ન વરસનાર મેધ – એ સર્વે નિરર્થક છે. આ શ્લોક – મહાભારતના શાંતિપર્વમાં ૭૮/૪૩ નંબરે છે.

રાજ્ય સંસ્થાની નિર્મિતીનો હેતુ પણ ઉપભોગ નહીં, પરંતુ નિયંત્રણ છે. એકાદ વ્યક્તિની વાસના કે વિકારોની પૂર્તિ માટે તે જગ્યા નથી. તેથી રાજા પાસે પ્રતિજ્ઞા લેવડાવાય છે કે :

**प्रियाप्रिये परित्यजय समः सर्वेषु बन्तुषु ।**
**कामं क्रोधे च् लोभं च मानं चोत्सुजयं दूरतः ॥**
**(महाभारत शान्तिपर्व ५९/१०४)**

રાજયોના ઉપભોગ કરવા માટે તેને સત્તા આપવામાં આવતી નથી. રાજ્યના સંરક્ષણ અને નિયંત્રણ માટે રાજસત્તાનું નિર્માણ કરાયેલ છે. આ વિચારધારા શ્રી કૃષ્ણના જીવન સાથે વણાયેલી હતી. તેમનો આગ્રહ હતો કે જે માણસના હાથમાં સત્તાના સૂત્રો હોય તેણે વ્યક્તિગત જીવન ન જીવતા હંમેશા સમસ્ત રાજ્યનો અને પ્રજાનો વિચાર કરવાનો હોય છે. તે કદી રાજા થઈ શકે નહિ, રાજસત્તા સંભાળવાનો એને કોઈ અધિકાર નથી.

શ્રી કૃષ્ણના માટે જ કામ, ક્રોધ, લોભ રહિત હોય, જેનામાં મારાપણું ન હોય, પ્રજાના રક્ષણકાજે સર્વસ્વ કરી છૂટવા તૈયાર હોય, જે લીધેલ પ્રતિજ્ઞા મુજબ તમામ જવાબદારી નિભાવે તે જ વિષ્ણું સ્વધર્મનું પાલન કરનાર રાજા વિષ્ણુનું જ રૂપ છે.

'**ना विष्णुः पृथ्वीपति**' રાજા જો ઉન્માર્ગમાર્ગી થાય, તો તે પણ વધ્ય છે. તેવું શ્રી કૃષ્ણનું સ્પષ્ટ મંતવ્ય હતું.

શ્રી કૃષ્ણના મતે રાજાની શક્તિ કેટલી હોય તે નીચેના શ્લોક પરથી જાણી શકાશે.

**आत्मा जेयः सदा राज्ञा ततो जेयाश्च: सत्रवः।**
**आजितात्मा नर्पतिर्विजयते कथं रिपून ॥**

**(महाभारत शान्तिपर्व ६९/५)**

જેના હાથમાં સત્તાના સૂત્રો રહેવાના છે તે વ્યક્તિ ખૂબ શક્તિશાળી હોવી જોઈએ. બહારના શત્રુઓ જીતવાની ઇચ્છા હોય, તેમણે પહેલાં તો પોતાના આત્માને – મનને જીતવા જોઈએ જેવી ભારતીય રાજસંસ્થા અતિ ઉચ્ચ કોટીની હતી તેવી બધી જ રાજસંસ્થાઓ હોવી જોઈએ કારણ કે જેવો રાજા તેવી પ્રજા.... જેવો નેતા તેવા લોકો :

**कालौ वा करणं राज्ञो राजा वा कालाकारणं ।**
**इति ते संशयो मा भूत् राजा कालस्य कारणं ॥**

**(महाभारत शान्तिपर्व ७९/५)**

કાળનું કારણ રાજા ? કે રાજાનું કારણ કાળ ? કાળનું કારણ નેતા ? કે નેતાનું કારણ કાળ ? સામ્યવાદી વિચારસરણી સાથે આપણને અહી જ મતભેદ છે. પરિસ્થિતી નેતાને સર્જે છે કે નેતા પરિસ્થિતિને સર્જે છે ? એ પ્રશ્ન વિચારણીય છે. સામ્યવાદીઓ માને છે કે પરિસ્થિતી નેતૃત્વ સર્જે છે. જ્યારે ભારતીય મત એવો છે કે નેતા જ પરિસ્થિતિ નિર્માણ કરે છે. ભીષ્મની સાથે શ્રીકૃષ્ણ પણ આ જ વિચારના હતા અને તેથી જ પ્રજાને યોગ્ય નેતૃત્વ મળે તે માટે લાયક રાજાઓને શોધતા હતા અને ઘડતા પણ હતા.

શ્રી કૃષ્ણ જે કુળમાં જન્મ્યા હતા તે યાદવકુળનું રાજ્ય ગણરાજ્ય હતું – જેને પ્રજાસત્તાક – રીપબ્લીક કહી શકાય. મહાભારતમાં ભગવાન શ્રીકૃષ્ણ અને નારદમુનિ વચ્ચેના સંવાદમાં નારદજીએ પણ ગણરાજ્યને જ ઉત્તમ ગણાવ્યું છે. આવા ગણરાજ્યમાં લોકોનું ગૌરવ,

સન્માન જાળવવામાં આવતું. લોકોને 'પ્રજા' નહિ પણ 'નાગરિક' માનવામાં આવતા. પ્રજાને નિર્ભય બનાવી, ભોગમાં ડૂબાડી પોતાનો સામ્રાજ્યવાદ ફેલાવવા મથતા રાજાઓનો શ્રીકૃષ્ણને સખત વિરોધ હતો, કેમ કે તેઓનો સામ્રાજ્યવાદ આક્રમણકારી હતો અને અધર્મ, અનીતિના પાયા પર હતો.

આવા અધર્મી રાજાઓનું દમન કરીને તેના સ્થાને ધર્મમય જીવન જીવનારા ક્ષત્રિયોને રાજા બનાવી 'કલ્યાણ રાજ્ય' ઊભું કરવાની વિચારધારા શ્રીકૃષ્ણની હતી. આજે પણ આપણને રામરાજયની ઝંખના છે. તે રામરાજ્ય કેવું હતું ?

**न वै राज्यंन राजाडसिन्न च दल्डो न दाणिकः ।**
**धर्मेणैव प्रजा: सर्वा रक्षन्ति स्म परस्परम् ॥**[૪]

એક સમયે આવી સ્થિતિ ઊભી થયેલી કે ત્યારે રાજ્ય નહોતું, રાજા પણ નહિ, કોઈ ગુનેગાર ન મળે, સજા કરનાર પણ નહિ. પ્રજા સ્વધર્મ – સ્વકર્તવ્યથી પરસ્પરનું રક્ષણ કરતી હતી. શ્રી કૃષ્ણ આવી આદર્શ સમાજ રચનામાં માનવાવાળા હતા. 'રામરાજય' ની કલ્પના તેમણે ગોકુળમાં નાની ઉંમરે જ સાકારિત કરી બતાવી હતી. આજે પણ આપણને શ્રેષ્ઠ ગામ જોયા પછી 'ગોકુલગ્રામ' શબ્દ વાપરવાનું મન થાય છે.

પોતાના કર્તવ્યથી અને સામાજિક નીતિથી બંધાયેલા પુરુષો યોગી વર્તન કરે, તો શાસન સંસ્થાની જરૂર ન રહે. પરંતુ તે માટે સંયમી અને ત્યાગી જીવન જોઈએ એમ મહાભારત બતાવે છે. માનવીનું આ અતિઉચ્ચ નૈતિક જીવન છે. પણ જ્યારે સામાન્ય માનવીમાંથી કર્તવ્યભાવના અને સાંસ્કૃતિક વિચારો – આચાર વિચાર કે શ્રવણમાંથી જાય ત્યારે સંયમ અને ત્યાગનો કંટાળો આવે છે. પરિણામે મોહને જીવનમાં સ્થાન મળે, જ્ઞાનવસ્થાને તિલાંજલિ મળી રહે છે. અને વાસણા તથા કામ અનહદ વધી જાય છે. આવે વખતે ઉચ્ચ નૈતિક ભૂમિકા જાળવી રાખવા માટે એક પ્રકારની શાસન સંસ્થા આવશ્યક બની રહે છે. આ સંસ્થાના સંચાલન માટે ત્યાગી અને કર્તવ્યનિષ્ઠ પુરુષોની જરૂર રહે છે. આપણા પ્રાચીન ગ્રંથોમાં પણ રાજસત્તા બ્રહ્મદેવે ઉત્પન્ન કરી એવો ઉલ્લેખ છે.

શ્રી કૃષ્ણ પણ ધર્મમય ત્યાગી અને કર્તવ્યપરાયણ રાજા દ્વારા શાસન ચાલે તેવું ઇચ્છતા હતા. બગડેલો સમાજ બદલવાની તેમની આકાંક્ષા હતી. તે માટે બ્રાહ્મણ સંસ્થા દ્વારા સામાન્ય લોકોને બદલી શકાય તેવું તેઓ માનતા હતા. તેથી સુદામા જેવા હજારો નિષ્કામ કર્મયોગીઓને તેમને સમાજમાં ફરતા કર્યા અને જનમાનસમાં શ્રેષ્ઠ વિચારો ફેલાવ્યા. ગોકુળમાં પણ નાનપણથી સાંસ્કૃતિક વિચારધારામાં પ્રસાર કરી નાખ્યો. મથુરાના ભોગજીવન સામે ગોકુળમાં ભાવજીવન ખડું કર્યું. શ્રી કૃષ્ણ પોતે જે વિચારધારાને માનતા તે માત્ર ઈચ્છા ન રાખતા તેને ફલીભૂત કરવા માટે જીવનભર સંઘર્ષ, શક્તિ અને સંપત્તિ સાથે હોવાથી તેઓ ઉપદેશોને ગણકારતા નથી, તેથી તેઓને બદલવા અશક્ય છે. તેથી આવા રાજાઓને પદભ્રષ્ટ

કરીને યોગ્ય રાજાઓને રાજસત્તા મળે તેવી તેમની વિચારધારા માટે તેઓ જીવનભર પ્રયત્નશીલ રહ્યા છે.

**શ્રી કૃષ્ણ અને પાંડવો** :

શ્રી કૃષ્ણે પોતાની રાજકીય વિચારસરણીનો યોગ્ય અમલ થાય તે માટે પાંડવોને નીમીત બનાવી પ્રામાણિકતા સિધ્ધ કરે છે.

૧. મહાભારતમાં ઉલ્લેખ છે તે પ્રમાણે દ્રોપદી સ્વયંવર વખતે શ્રી કૃષ્ણ પાંડવોની સાથેનો સંબંધ ગાઢ કરે છે. તે માટે સામે ચાલીને તેમના ઉતારે જઈને પ્રેમ અને હિંમત આપે છે. ધર્મયુક્ત, નીતિમય જીવન જીવવાવાળા પાંડવો તે વખતે દુ:ખદ પરિસ્થિતિમાં ભટકતા હતા.

૨. દ્રોપદી સ્વયંવર જીત્યા બાદ પાંડવોને પાંચાલ દેશના રાજાનો સાથ મળ્યો. ઉપરાંત પોતાની બહેન સુભદ્રાને અર્જુન સાથે પરણાવી અને તે સાથે જ શ્રી કૃષ્ણે તેમને કરોડોની સંપત્તિ દાયજામાં આપી. અગાઉ જણાવ્યું તેમ સાત્તિક રાજા બળવાન, ધનવાન હોય તે પણ ખૂબ જ મહત્વનું છે તેવું શ્રી કૃષ્ણ માનતા હતા.

૩. ધૃતરાષ્ટ્રનું નૈતિક દબાણ પાંડવોની પ્રગતિ ન રોકે તે માટે પાંડવોને અલગ રાજ્ય મળે તેવી શ્રી કૃષ્ણની ઈચ્છા હતી. તેથી ધૃતરાષ્ટ્રે રાજ્યના ભાગલા પાડવા તે સ્વીકારી લેવા પાંડવોને તૈયાર કર્યા.

૪. પાંડવોના રાજ્ય સાથે યાદવકુળનો કાયમી સંબંધ થાય તો બે મોટી શક્તિઓનું કલ્યાણકારી જોડાણ થાય અને જગતના ઉધ્ધારનો રસ્તો સરળ બને. આ વિચારોને સાકારિત કરવા શ્રી કૃષ્ણે ચાલાકી વાપરીને અર્જુન સાથે સુભદ્રા (પોતાની બહેન) નું પ્રેમલગ્ન કરાવવ્યું. જે ઈતિહાસનું પ્રથમ “political marriage” કહેવાય છે અને યાદવોએ સુભદ્રાને કરોડોની સંપત્તિ દાયજામાં આપી અને પાંડવોના હાથ મજબૂત કરી દીધા. કેમ કે ધર્મરાજ્યની સ્થાપનાનો પ્રયાસ કરતાં પાંડવોને રાજ્યની પુનર્રચનામાટે દ્રવ્યની જરૂર હતી. તેથી સાંસ્કૃતિક સંવર્ધનના હેતુથી કરિયાવરમાં અઢળક સંપત્તિ આપી.

૫. રાજસૂય યજ્ઞ કરીને, અધર્મી રાજાઓને મારીને ભૂમિ નિષ્કંટક બનાવીને ધર્મરાજય ઊભું થઈ શકે તેમ માનનારા શ્રી કૃષ્ણે પાંડવોને રાજસૂય યજ્ઞ કરવા માટે સંમત કર્યા.

૬. રાજસૂય યજ્ઞના સંકલ્પ બાદ પ્રથમ કાર્ય શ્રી કૃષ્ણે કરાવ્યું હોય તો તે છે નરાધમોના પ્રમુખ એવા જરાસંધનો વધ. અર્જુન અને ભીમની સહાય લઈ યુક્તિ-પ્રયુક્તિ કરીને શ્રી કૃષ્ણે જરાસંધનો વધ કર્યો. જરાસંધ દંભી હતો. અધર્મી હોવા છતાં બરા ભગતનું મહોરૂ પહેરી પંચ મહાયજ્ઞોનું નાટક કરતો. પ્રજાના પૈસાના જોરે અને સત્તાના લોભે તે નરમેધયજ્ઞ કરવા માગતો હતો તે માટે ૮૬ રાજાઓને તેણે બંદીવાન બનાવ્યા હતા. જરાસંધનો વધ થતાં જ ૮૬ રાજાઓને મુક્ત કરાયા અને તેમની પાસે ધર્મમય રાજ્ય કરવાની ખાતરી લેવાઈ. જરાસંધના

પુત્રને રાજગાદી સોંપી શ્રી કૃષ્ણે ભારતીય સંસ્કૃતિની મહત્તા આચરી દેખાડી છે. જરાસંઘ જેવા બળવાન શત્રુનો નાશ થયો અને ૮૭ રાજવીઓનો છેવટ સુધી રાજકીય સાથ મળ્યો. આટલું મોટું કામ શ્રી કૃષ્ણની દોરવણીથી લોહીનું એકપણ ટીપું પાડ્યા વગર થયું. પરિણામે પૃથ્વીના ૩/૪ ભાગમાં ધર્મરાજયનું મંડાણ થયું. આ ભાગ ધર્મસત્તા પાછળ આવીને ઊભો રહ્યો.

૭. ત્યારબાદ છેલ્લો એક માત્ર કાંટો તે શિશુપાલ. તેનો શ્રી કૃષ્ણે પોતે જ શિરચ્છેદ કર્યો. આ રીતે નિષ્કંટક બનાવેલ ભૂમિ પાંડવોને સોંપીને તેઓ દ્વારિકા ગયા.

શ્રી કૃષ્ણે સમજાવ્યા પ્રમાણે રાજ્ય કરીને ધર્મરાજ યુધિષ્ઠિર સાથે પાંડવોએ રાજ્યને "કલ્યાણરાજ્ય" બનાવી બતાવ્યું. લોકોની નૈતિકતા, સાત્વિકતા અને ન્યાયપ્રીયતાની ટોચ તેમના રાજયમાં દેખાણી એ એક પ્રસંગ તે વાતની ખાતરી કરે છે.

એક બ્રાહ્મણને દાનમાં જમીન અને હળ મળ્યા. પરંતુ તેને મળેલ જમીનમાંથી ખેતી કરતાં ધન ભરેલો ચરૂ (દેગડો) મળી આવ્યો. તે દાનવીરને ત્યાં પહોંચ્યોઅને તેની આગળ ચરૂ ધરતાં કહ્યું, "આ ચરૂ આપનો છે." દાનવીરે કહ્યું, "ના, એ ધન હવે તમારૂ થયું. મેં તો જમીન દાન કરી દીધી છે તેથી તે ચરૂના અધિકારી તમે જ છો." આખરે આ મામલો મહારાજ યુધિષ્ઠિર પાસે દરબારમાં ગયો અને ચૂકાદો બંનેએ સ્વીકાર્યો. કેટલી અદભૂત નૈતિકતા !

ધૂત (જુગાર) રમવો એ અધર્મ છે એમ શ્રી કૃષ્ણ માનતા હતા. પરંતુ શ્રી કૃષ્ણની ગેરહાજરીમાં પાંડવો કપટી ધૃતરાષ્ટ્ર (શકુની એન્ડ કંપની)ની ચાલમાં ફસાયા અને કાકાના આમંત્રણને માન આપીને જુગાર રમવા ગયા. પરિણામે શ્રી કૃષ્ણના અથાગ પ્રયત્નથી ઉભું થયેલું કલ્યાણરાજ્ય હારી ગયા ને ૧૩વર્ષ વનમાં રહેવાનો વારો આવી ઉભો, પરંતુ જીવનમાં કોઈ પણ વિપત્તિમાં નિરાશ કે હતાશ થાય તો તે શ્રી કૃષ્ણ શાના ? કલ્યાણરાજ્ય ફરી ઉભું થાય તે માટે પાંડવો સિવાય અન્યને નિમીત ન બનાવી શકાય એવું વિચારીને શ્રી કૃષ્ણે પાંડવોનો વનવાસ પૂરો થાય તેટલાં વર્ષ રાહ જોઈ છે.

અસહ્ય આપત્તિમાં પણ શ્રી કૃષ્ણનો ઉત્સાહ જરાયે ન ઘટ્યો. બાર વર્ષ પછી એમણે ધર્મરાજ્યની સ્થાપના માટે નવેસરથી એટલા જ ઉત્સાહ સાથે પ્રયાસ ફરીથી આદર્યો.

તેર વર્ષના વનવાસ બાદ પાંડવો પાછા ફરે ત્યારે તેને શરત પ્રમાણે તેમનું રાજ્ય સોંપવાનું હતું. પરંતુ શ્રી કૃષ્ણ જાણતા હતા કે કૌરવો તે વચન ખાળવાના નથી. પાંડવો કૌરવો સામે યુધ્ધે ચડે તે પહેલા એક પ્રયાસ સમાધાનનો કરવો જોઈએ એમ શ્રી કૃષ્ણ માનતા હતા. પાંડવ પક્ષ વતી શ્રી કૃષ્ણ કૌરવો પાસે વિષ્ટિ કરવા જવાના હતા. તે પહેલા કૌરવો વતી ધૃતરાષ્ટ્રે ભણાવેલ સંજય વિષ્ટિ લઈ પાંડવો પાસે આવે છે. તત્વજ્ઞાનની છેતરામણી વાતો લઇ આવેલ સંજયને શ્રી કૃષ્ણે રોકડું પરખાવ્યું કે ધૃતરાષ્ટ્રને જણાવ જે કે તમારો સંદેશો તત્વજ્ઞાનથી પૂર્ણ અને વિચારોથી યુક્ત છે ખરો, પણ જ્યાથી આ તત્વજ્ઞાન નીકળ્યું છે ત્યાથી જ આચરણની

પહેલ કરવામાં આવે તે જરૂરી છે. સંજયવિષ્ટિ એ એક પ્રકારની કુટિલ રાજનીતિ હતી. તેથી શ્રી કૃષ્ણ પોતે જાતે વિષ્ટિ કરવા જાય છે. જતાં પહેલા તેમના શબ્દો જોવા જેવા છે.

**न जा तु गमनं पार्थ । भवते तत्र निरर्थकम् ।**
**अर्थ प्राप्तिः कदाचित स्थादन्तेतो वाप्यवाच्यता ॥**

(મહાભારત ઉદ્યોગપર્વ ૧૨/૮૮)

"મારું જવું નિરર્થક નહીં થાય, સંધિ કદાચ થશે કે નહિ થાય, તો પણ લોકોપવાદ માત્ર ચોક્કસ જશે જ, એટલે બહુ મોટું કામ થયું છે તેમ હું માનીશ".

શ્રી કૃષ્ણવિષ્ટિના અંતે કોઈ સમાધાન થયું નહિ, પરંતુ શ્રી કૃષ્ણની નીતિને પૂરી સફળતા સાંપડી. તેમણે ધર્મરાજય સ્થાપના માટે હથિયાર હેઠાં મૂકીને રડતા બેઠેલાઓમાં નવા પ્રાણ પૂર્યા અને તેમણે લડવા માટે તૈયાર કર્યા. અર્ધી લડાઈ તો તેમણે વિષ્ટિમાં જ જીતી લીધી હતી. કેમ કે કૌરવોનું મનોબળ તોડી નાખનારી તેમની વાણી હતી.

અંતે મહાભારત યુધ્ધમાં પાંડવો વિજયી થયા. તેમના વિજયનો મહત્વનો ભાગ કેશવને જ જાય છે. ભોગ લંપટ સત્તાનો નાશ કરી તેમણે ધર્મરાજ્યની સ્થાપના કરી. તેમનું સ્થાપેલું ધર્મરાજય સેંકડો વર્ષો સુધી કાયમ રહ્યું. પાંડવોએ પોતાના પુરુષાર્થથી માત્ર છત્રીસ વર્ષમાં દેશની કાયાપલટ કરી નાખી અને નવા યુગનો પ્રારંભ થયો. સારામાં સારી પ્રજા તે કાળમાં થઈ તેનું મહાભારતમાં વર્ણન છે. પરિણામે, પૃથ્વી પણ રસકસવાળી **सुजलाम सुफ़लाम् मलयग्सितलांम्** બની.

પ્રતિકુળ સંજોગોમાં પણ ચિતને જરા પણ અસ્વસ્થ થવા દીધા સિવાય આ રાજનીતિજ્ઞ યુગપુરુષ શ્રી કૃષ્ણે શાંતિથી કાર્ય કર્યું અને ધર્મ સત્તાણુ પ્રસ્થાપન કરી બતાવ્યું. આપણે તેમને પ્રણામ કરીશું.

**वसुदेव सुतं देवं कंस चाणूरमर्दनं |**
**देवकी परमानन्दं कृष्णं वंदे जगद्गुरुं ||**[५]

પાદટીપ :

૧. પાંડે સુષમિતા, પાંડે ગોવિંદચંદ્ર, "મહાભારતની ધાર્મિક ચળવળો" નવી દિલ્હી- ૨૦૦૧, પા. ૩૨.

૨. સ્વામી રામસુખદાસ, "શ્રીમદ્ ભગવતગીતા સાધક સંજીવની" ગીતાપ્રેસ, ગોરખપુર- ૨૦૧૩, પા. ૭૮

૩. પ્રભુપાદ એ. સી. ભક્તિવેદાંત સ્વામી, "ભગવતગીતા" ભક્તિવેદાંત બુક ટ્રસ્ટ, દ્રીતીય આવૃત્તિ- ૧૯૯૮ પાના નં-૨૨૦

૪. પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી આઠવેલના પ્રવચનો

૫. ત્રિપાઠી એન. એમ. એન્ડ કંપની, "શાંતિપર્વ" કાલબાદેવી રોડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ- ૧૯૨૧, પા. ૫૩, ૨૩૭.